# કોરોના અને પડકારોની વચ્ચે ટાટા પાવરે વીજળી પુરી પાડી

## અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજમાગમાં નોંધનીય ઘટાડો : ૧૧ લૉકેશનોમાં ટાટા પાવરના વીજ ઉત્પાદક એકમોનું ક્લસ્ટર બધા પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત રખાયું

Contextual Targeting
Brand Safety
AdSkate protects brands and advertisers while improving digital campaigns.
adskate.com
OPEN

અમદાવાદ,તા.૬ : વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોવિડ-૧૯ને અધિકૃત રીતે આપેલા નામ ૨૦૧૯ નોવેલ કોરોના વાયરસ (૨૦૧૯-એનકોવીડ) ભારત સહિત દુનિયાનાં ૨૦૦થી વધારે દેશો અને વિસ્તારોમાં ફેલાઈ ગયો છે. જેના પગલે આ બિમારી વૈશ્વિક મહામારી બની ગઈ છે. આખો દેશ તા.૨૫ માર્ચથી અત્યાર સુધી સંપૂર્ણ લોકડાઉન વચ્ચે છેલ્લાં થોડા અઠવાડિયાઓમાં કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન અમને આપણા હીરો એટલે કે ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, પોલીસ, હાઉસકીપિંગ/ સેનિટાઇઝિંગ ટીમો વગેરે માટે ગર્વ છે અને અમે એમની પ્રશંસા કરીએ છીએ. યુટિલિટી અને આવશ્યક સર્વિસ પ્રોવાઇડર તરીકે અમે નાગરિકોનું જીવન જાળવી રાખવા સતત (૨૪બાય૭) કાર્યરત રહીને અને સંપૂર્ણપણે દેશને સ્વસ્થ જાળવવા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હીરોની સાથે ટાટા પાવર ખભેખભો મિલાવીને કામ કરી રહી છે અને કોરોના કહેર તથા પડકારો વચ્ચે દેશના નાગરિકોને ટાટા પાવર સતત વીજળી પૂરી પાડી રહી છે એમ કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર વિજય પી.નામજોશીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, થોડી આવશ્યક કામગીરીઓ સિવાય લગભગ તમામ ઔદ્યોગિક અને વેપાર વાણિજ્યની પ્રવૃત્તિઓ બંધ છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળીની માગમાં મોટો ઘટાડો થયો છે.

મૂળભૂત લોડિંગ કામગીરી માટે પ્રથમ વિકલ્પ તરીકે કોલસા-સંચાલિત યુનિટોનો ઉપયોગ થાય છે, કારણ કે સૌથી વધુ માગ અત્યારે સૌથી ઓછી માગ જેટલી છે. ટાટા પાવરના તમામ વીજ સ્ટેશનોમાંથી અપેક્ષાઓ વધારે હતી અને આ પડકારજનક સમયમાં ટાટા પાવરની પ્રતિબદ્ધતા જીવનમાં પ્રકાશ ફેલાવવાની પ્રતિપાદિત થઈ છે. અત્યાર સુધી તમામ ૧૧ લૉકેશનોમાં આવશ્યક સેવા પ્રદાતા તરીકે ટાટા પાવરના વીજ ઉત્પાદક એકમોનું ક્લસ્ટર બધા પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરવામાં સફળ રહ્યું છે અને તમામ ગ્રાહકોને ઘરે સલામત રીતે રહેવા સક્ષમ બનાવવા, તમામ હોસ્પિટલોમાં દર્દીઓનું લાઇફ- સપોર્ટિંગ વેન્ટિલેટર્સ પર જીવન જાળવી રાખવા, સંશોધન પ્રયોગશાળાઓને આ રોગચાળામાંથી સારવાર માટે ઉપાય શોધવા સતત કાર્યરત રાખવા, વ્યવસાયિકોને ઘરેથી કામ કરવા માટે, ખાદ્ય અને અન્ય જીવનજ: રી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં તમામ કારખાનાઓને ચાલુ રાખવા, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા છતાં દરેકને એકબીજાની નજીક રાખતી આઇટી અને આઇટીઇએસ કંપનીઓને કાર્યરત રાખવા તથા આ જીવલેણ વાયરસ સામે લડવા નીતિઓ અને રણનીતિ ઘડતી સરકારી ઓફિસોને તથા દેશને સુરક્ષા પ્રદાન કરવા સતત વીજળીનો પુરવઠો પ્રદાન કર્યો છે.

### સાતત્યપૂર્ણ કામગીરી

- આરસીએમ જેવી આંતરરાષ્ટ્રીય સ્તરની ઓએન્ડએમ પ્રેક્ટિસ, જેનાથી મહત્વપૂર્ણ ઉપકરણની વિશ્વસનિયતામાં વધારો થયો છે અને મેઇન્ટેનન્સની ઓછામાં ઓછી જ: રિયાત સાથે કામગીરી જળવાઈ રહી છે
- પ્લાન્ટની સરળ, સંકલિત અને સતત કામગીરી અને વર્કફોર્સની ઉત્પાદકતા સુનિશ્ચિત કરવા ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મનો સ્વીકાર. આ રોગચાળાએ આપણા ડિજિટલ વર્કપ્લેસ સ્ટ્રેટેજીની કસોટી કરવાની દુર્લભ તક આપી છે. ડિજિટલ કાર્યશૈલીમાં પરિવર્તન રાતોરાત થયું નથી અને અમને આ તબક્કા સુધી પહોંચવા વર્ષોના રોકાણના લાભ મળ્યાં છે.
- જ્યારે હંમેશની જેમ સપોર્ટ કામગીરીઓ ઓપરેશન ટીમને સપોર્ટ આપવા આધારસ્તંભો ધરાવે છે,